# વર્ષાઋતુ નિબંધ ગુજરાતી ધોરણ 10

આપનો દેશ ભારત વિવિધતાઓથી ભરપૂર છે. તેમાં ઋતુઓની વિવિધતા સૌને આકર્ષે છે. ભારતમાં મુખ્યત્વે ત્રણ ઋતુઓ અનુભવાય છે. શિયાળો , ઉનાળો, અને ચોમાસુ. તેમાં ચોમાસુ એ વરસાદની મુખ્ય ઋતુ છે. અને વરસાદ એ સૌને માટે આનંદદાયક ઋતુ છે.

ઉનાળાના ધોમ ધખતા તડકાથી ધરતી અને લોકો ત્રાહિમામ થઈ ગયા હોય , નદી અને તળાવો સૂકાભઠ્ઠ બન્યા હોય, ધરતીનો તાત ખેડૂત આશાવાદી નજરે આકાશ તરફ મીટ માંડી રહ્યો હોય અને ત્યારે વર્ષારાણી નું આગમન સૌને આલ્હાદક લાગે છે.

ચોમાસાનું આગમન પણ કોઈ રાજાના લશ્કરથી ઓછું નથી હોતું. શરૂઆતમાં વૈશાખી વાયરા ચારેકોર થી ફૂંકાય છે. પવનના સુસવાટા સાથે વાવાઝોડા પોતાની તાકાતનો પ્રભાવ બતાવે છે. થોડા દિવસસોમાં આકાશ કાળા ડિબાંગ વાદળાંઓની ચાદર ઓઢવા લાગે છે. વીજળીના કડાકા અને ભડાકા સાથે મેઘરાજાની સવારી પૃથ્વી માતાના આંગણે આવી પહોંચે છે.

**આ પણ વાંચો :**મહિલા સશક્તિકરણ પર નિબંધ

વરસાદ બધે જ પાણીની રેલમછેલ કરે છે. ગામડામાંથી ગલીઓમાં , ત્યાંથી નાના નાના ઝરણાઓમાં અને પછી નદીઓ સુધી પાણી પહોંચી જાય છે. નદી - નાળા પાણી થી છલકાઈ જાય છે. ખેતરો નિર્મળ જળથી તૃપ્ત બને છે. કુવા અને બોરના પાણીના તળ ઊંચા આવે છે.

પશુ પક્ષીઓ અને પ્રાણીઓ પણ વરસાદની મોસમને મનભરીને માણે છે. જંગલો પણ લીલી ચાદર ઓઢી લે છે. નવી નવી વનસ્પતિ અને ઘાસ પ્રાણીઓનો ચારો બને છે. તળાવોમાં નવા પાણી આવતા વિદેશી પક્ષીઓ પણ ભારતના મહેમાન બને છે. દેડકા તો ડ્રાંઉં ડ્રાંઉં કરે છે સાથે સાથે મોર પણ કળા કરીને પોતાનો આનંદ પ્રગટ કરે છે.

સૌથી આનંદિત ખેડૂતો થાય છે. આનંદ અને અનેરા ઉલ્લાસમાં વાવણીની તૈયારી કરે છે. આખા વર્ષ થી તૈયાર બળદો પણ હવે મહેનતની મોસમ આવે છે. જો કે આધુનિક સમયમાં આવા દ્રશ્યો ઓછા જોવા મળે છે. ખેતીના કામ કાજ સાથે સાથે ચોમાસાની ઋતુ વિવિધ ધાર્મિક તહેવારો લઈને આવે છે. જેથી લોકનો આનંદ બેવડાય છે. બાળકો પણ મનભરીને વરસાદની ઋતુને માને છે.

વરસાદ ત્યારે નથી ગમતો જયારે તે રૌદ્ર રૂપ ધારણ કરે છે. સતત વરસતો વરસાદ અતિવૃષ્ટીનું રૂપ ધારણ કરે ત્યારે જાનમાલનું નુકશાન વેઠવું પડે છે. ખેતરોમાં ઉભો પાક નષ્ટ થઇ જાય છે. માણસો અને પ્રાણીઓ બંનેને આ પરિસ્થિતિ નો સામનો કરવો પડે છે. નદીઓમાં અચાનક પૂર આવે છે. નીચાણવાળા ગામડાઓમાં નદીના પાણી ઘુસી જાય છે. મકાનો ધરાશાયી થવા , રસ્તા-પુલ તૂટી જવા, ઘરવખરી અને ઢોર તણાઈ જવા, રોગચાળો ફાટી નીકળવો વગેરે પરિસ્થિતિઓ ઉપસ્થિત થાય છે.

તેનાથી વિરુદ્ધ ક્યારેક એવું પણ બને કે વરસાદ સાવ ઓછો વરશે તો દુકાળના જેવી પરિસ્થિતિ સર્જાય છે. ખેતરોમાં ઉભો પાક સુકાય જાય છે. પાણી ની અછત સર્જાય છે. ઘાસચારાની અછતના લીધે માનવ અને પશુ – પંખીઓ માટે ખોરાક મેળવવો મુશ્કેલ બની જાય છે. ધંધા - રોજગાર ને પણ માઠી અસર થાય છે. આમ માનવ જીવન મુશ્કેલ બની જાય છે.

વરસાદના વિવિધ સ્વરૂપો છતાં સૌને ઉપયોગી વર્ષાઋતુ માનવજીવનમાં નવી ઉર્જા નો સંચાર કરે છે. એટલે જ તો તેને ઋતુઓની રાની કહેવામાં આવે છે. વરસાદ સાચે જ સજીવસૃષ્ટિ માત્ર જીવનદાતા સમાન છે. પ્રાણીમાત્રના જીવનનો આધાર છે.

Visit Website : © PDFPunch.com